સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
*Re-Accredited **Grade A** by NAAC*

નં.એસ.સી.-એસ.ટી.સેલ/૬૪/'૧૮ તા.૧૬/૧૦/'૧૮

વિષય : વર્ષ ૨૦૧૮-૧૯ ની અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ/ફૂડબીલ/સાધન સહાય/આઈ.ટી.આઈ. સ્ટાઇપેન્ડ યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર કરવા બાબત

સંદર્ભ : મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી, જીલ્લા સેવા સદન-૩, રાજકોટના પત્ર ક્રમાંક:નં.આ.વિ./પો.મે.શિ.વૃ./૨૦૧૮-૧૯/૨૯૩૨ તા.૦૧/૧૦/૨૦૧૮

પરિપત્ર :

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્ર પરત્વે જણાવવામાં આવે છે કે, ભારત સરકારની પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ યોજના અન્વયે રાજ્ય કે રાજ્ય બહાર સરકાર માન્ય કોલેજ/સંસ્થા/યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વર્ષ ૨૦૧૮-૧૯ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ/ફૂડબીલ/સાધન સહાય/આઈ.ટી.આઈ. સ્ટાઇપેન્ડ યોજનાઓનો અમલ Digital Gujarat Portal ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ યોજનાની વિગતવાર જાણકારી લાયકાત ધરાવતા તમામ વિધાર્થીઓ માટે વેબસાઈટ https://www.digitalgujarat.gov.in પર ઉપલબ્ધ છે. તો વિદ્યાર્થીઓના લાભાર્થે સદર પરિપત્ર અંગે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

(મુસદો કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે )

સહી/-
(ડૉ. ધીરેન ડી. પંડ્યા )
કુલસચિવ

<u>બિડાણ :</u>
સંદર્ભિત પત્રોની નકલ

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓ
(૩) માન્ય સંસ્થાઓનાં વડાઓ તરફ

રવાના કર્યું
નાયબ કુલસચિવ
(એસ.સી.-એસ.ટી. સેલ)

<u>નકલ સાદર રવાના</u> :
માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

<u>નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે જાણ સારૂ</u> :
(૧) જોડાણ વિભાગ
(૨) પી.જી. વિભાગ
(૩) આંકડા વિભાગ
(૪) યુ.જી.સી. વિભાગ
(૫) કોમ્પ્યુટર સેન્ટર

21 D:\SCST\01-01-2018\Stencil (PARIPATRA) - 2018.doc

સ્થાપૂર્તિ ના કુલ્લની તમામ સંસ્થાઓની ધ્યાને રાખવા વિનંતી છે.

પરિપત્ર

અત્યંત જરૂરી/સમયમર્યાદા

નં.આ.વિ./પો.મે.શિ.વૃ/૨૦૧૮-૧૯/ 2632

મદદનીશ કમિશ્નર (આ.વિ)ની કચેરી

જિલ્લા સેવા સદન-૩ બ્લોક નં.૧ ૧લો માળ,

સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ

ફોન નં.૦૨૮૧-૨૪૭૮૩૭૫

તા.૦૧/૧૦/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી/રજીસ્ટ્રારશ્રી/ડીનશ્રી/ડાયરેક્ટરશ્રી, સૌરાષ્ટ્ર યુનીવર્સીટી, યુનીવર્સીટી રોડ, રાજકોટ.

તા. રાજકોટ જિ. રાજકોટ.

વિષય:- વર્ષ ૨૦૧૮-૧૯ની અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/ફુડબીલ/સાધનસહાય/આઇ.ટી.આઇ સ્ટાઇપેન્ડ જેવી શૈક્ષણિક યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર કરવા બાબત.(https;//www.digitalgujarat.gov.in)

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન આપની ઉ.મા.શાળા/ કોલેજો/ યુનિવર્સિટી/ સંસ્થાઓમાં સરકાર માન્ય અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ભારત સરકારશ્રીના આદિજાતિ બાબતોના મંત્રાલયના તા.૨૧-૦૬-૨૦૧૧ના પત્ર નંબર ૧૯૦૧૨/૦૫/૨૦૧૦ એજ્યુકેશનથી આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ અન્વયે તથા ગુજરાત સરકારના આદિજતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાક સફક/૨૦૨૦૦૮/નબા-૩૯/ગ/સચિવાલય,ગાંધીનગરના તા.૧૧-૧૧-૨૦૦૯ મુજબ રૂ.૨.૫ લાખથી વધુ આવક ધરાવતી કન્યાઓ માટે પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની વિવિધ યોજનાઓ માટેની ઓનલાઇન એપ્લીકેશન Digital Gujarat Portalની વેબસાઇટ www.digitalgujarat.gov.inપર મગાવવામાં આવે છે.

1) રૂા. ૨.૫૦ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા કુમાર અને કન્યા માટે ભારત સરકારની પોષ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના રાજ્ય કે રાજ્ય બહાર સરકાર માન્ય કોલેજ/સંસ્થા/યુનિવર્સિટીમાં સરકાર માન્ય અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારમાન્ય નક્કી કરેલ ટ્યુશન ફીતથા નીભાવ ભથ્થુ આપવામાં આવે છે. અને દિવ્યાંગ વિદ્યાર્થીને પણ તેની દિવ્યાંગતા મુજબ ખાસ ભથ્થા આપવામાં આવે છે. એમફીલ,પીએચડી જેવા અભ્યાસક્રમમાં થીસીસ ટાઇપીંગ માટે પણ નિયમોનુસાર વાર્ષિક તેનો ખર્ચ આપવામાં આવે છે.
2) રૂ. ૨.૫૦ લાખથી વધુ વાર્ષિક આવક ધરાવતી કન્યાઓ માટે રાજ્ય સરકારની પોષ્ટમેટ્રીક સ્કોલરશીપ યોજના રાજ્ય કે રાજ્ય બહાર સરકાર માન્ય કોલેજ/સંસ્થા/યુનિવર્સિટીઓમાં સરકાર માન્ય અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી અનુ.જનજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકાર

SC ST સેલ

Rahul B-20-2018

SC-ST Cell
Inward No. 219
Date :
13 OCT 2018

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ
સામાન્ય વિભાગ
13 OCT 2018
ઈનવર્ડ નંબર 2442

માન્ય નક્કી કરેલ ટ્યુશન ફી તથા નીભાવ ભથ્થુ આપવામાં આવે છે. દિવ્યાંગ વિદ્યાર્થીનીને પણ તેની દિવ્યાગતા મુજબ ખાસ ભથ્થા આપવામાં આવે છે. એમ.ફીલ./પીએચડી. જેવા અભ્યાસ કરતા વિદ્યાર્થીને થીસીસ ટાઇપીંગ માટે પણ તેનો ખર્ચ નિયમોનુસાર ચૂકવવામાં આવે છે.

3) કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે ભોજન સહાય (ફુડબીલ) અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા હોય તેમજ ભારત સરકારની પોષ્ટમેટ્રીક સ્કોલરશીપ મળવાપાત્ર હોય તેવા વિદ્યાર્થીઓને રાજ્ય સરકારશ્રી તરફથી ફુડબીલ (ભોજનબીલ) સહાય માસિક રૂ. ૧૨૦૦/-લેખે મહત્તમ ૧૦ માસ માટે રૂ.૧૨૦૦૦/-ની સહાય કરવામાં આવે છે.

4) મેડીકલ/એન્જીન્યરીંગ/ડીગ્રી/ડીપ્લોમા કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેમની ગત નાણાકિય વર્ષની વાર્ષિક આવક રૂ. ૨.૫૦ લાખથી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.માં રૂ. ૧૦,૦૦૦/- પ્રથમ વર્ષ બીઇ/બી.ટેકમાં રૂ. ૫૦૦૦/- અને પ્રથમ વર્ષ ડીપ્લોમાં ઇજનેરી માં રૂ. ૩૦૦૦/- ની શૈક્ષણીક સાધન ખરીદવા સહાય મંજુર કરવામાં આવે છે. આ માટે સાધન ખરીદવાનું પાકુબીલ અપલોડ કરવાનું રહેશે. સ્ટેશનરીનું બીલ માન્ય રાખવામાં આવશે નહી.

## ❖ વિદ્યાર્થીએ ધ્યાનમાં રાખવા જેવી બાબતો:-

➢ વિદ્યાર્થીએ નીચે મુજબના ડોક્યુમેન્ટસ અરજી સાથે જોડવાના અને સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે.

<u>વિશેષ નોંધ</u>:- તમામ વિદ્યાર્થીએ તમામ ડોક્યુમેન્ટસ કલર (ઓરીજનલ ડોકયુમેન્ટસ) સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે.

1) વિદ્યાર્થીનો તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝનો ફોટો
2) વિદ્યાર્થીનું આધાર કાર્ડ
3) વિદ્યાર્થીના બેંક એકાઉન્ટના પાસબુકના પ્રથમ પાનુ (IFSC કોડ તથા એકાઉન્ટ નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે)
4) વિદ્યાર્થીની ફી ભર્યાની પહોંચ
5) વિદ્યાર્થીનો જાતિનો દાખલો તકેદારી અધિકારી,મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, આદિજાતિ વિકાસ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ.
6) વિદ્યાર્થીના પિતાનો દાખલો /માતા પિતા બંનેના સંયુક્ત દાખલો (જો બંને વ્યવસાય કરતા હોય તો) /માતા-પિતાના મૃત્યુ કે છુટાછેડામાં માતાને આશ્રિત પુત્ર કે પુત્રી માટે માતાનો દાખલો / પતિ (પરણિત બેરોજગાર સ્ત્રી માટે)નો આવકનો દાખલો સક્ષમ અધિકારી / મામલતદાર કે ટીડીઓશ્રી ધ્વારા આપવામાં આવેલ હોય.

7) વિદ્યાર્થીએ અભ્યાસ દરમ્યાન ૧ વર્ષ કરતા વધુ સમયની તૂટ હોય તો રૂ.૨૦ના નોન જ્યુડીસીયલ સ્ટેમ્પ પર ક્યા કારણસર અભ્યાસ કરેલ નથી તે વિગત દર્શાવતુ નોટરી કરેલ સોગંદનામું

8) વિદ્યાર્થીએ છેલ્લી મેળવેલ ડીગ્રી એટલે કે ધો-૧૦/ધો-૧૨/સ્નાતક કક્ષા/અનુસ્નાતક કક્ષા કે ડીપ્લોમા/આઇ.ટી.આઇની જે ડીગ્રી મેળવેલ હોય તે

9) મૃત્યુનું પ્રમાણપત્ર જો પિતા મૃત્યુ પામ્યા હોય તો તેનું મૃત્યુ નું પ્રમાણપત્ર જોડવાનું રહેશે.

10) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સટીફીકેટ પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને વોર્ડનશ્રી/હાઉસમાસ્ટરશ્રી/ રેક્ટરશ્રી/ આલેસુશ્રીના સહી સિક્કાવાળુ પ્રમાણપત્ર.

11) દિવ્યાંગ વિદ્યાર્થીએ તેમની દિવ્યાંગતા અંગેનું સર્ટીફીકેટ સક્ષમ અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ હોય તે.

12) ગુજરાત બહાર અભ્યાસ કરતા વિદ્યાર્થીએ મૂળ ગુજરાત રાજ્યના છે તે અંગેનું ડોમીસાઇલ સર્ટીફીકેટ જોડવાનું રહેશે.

13) ફ્રી શીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીએ ફ્રી શીપકાર્ડની નકલ જોડવાની રહેશે.

14) મેડીકલ લોન લીધેલ વિદ્યાર્થીએ લોન મંજુર કરેલ આદેશની નકલ જોડવાની રહેશે.

15) નોકરીમાં "લીવ વિધાઉટ પે" ઉપર રહીને જો કોઇ અભ્યાસ કરતા હોય તો તે મુજબનું સર્ટીફીકેટ પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને સહી સિક્કા કરાવીને જોડવાનું રહેશે.

16) ઓનલાઇન એપ્લીકેશન બે ભાગમાં વહેચાયેલ છે: (a) પોર્ટલ પર પ્રોફાઇલ રજિસ્ટ્રેશન જે વિદ્યાર્થીએ અગાઉ કોઇપણ યોજના માટે પોર્ટલ પર પ્રોફાઇલ રજિસ્ટ્રેશન કરાવેલ હોય જેમ કે અગાઉ પોર્ટલ પર ઓનલાઇન સ્કોલરશીપ મેળવી હોય કે વર્ષ: ૨૦૧૮-૧૯મા સમરસ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ફોર્મ ભરેલ હોય તેને ફરીથી રજિસ્ટ્રેશન કરવાનું નથી. તે જ લોગીન આઇડી અને પાસવર્ડથી સીધુ ફ્રેશ કે રીન્યુઅલ ફોર્મ ભરવાનું રહેશે. અગાઉ રજિસ્ટ્રેશન ન કરાવેલ વિદ્યાર્થીએ પહેલાં પ્રોફાઇલ રજિસ્ટ્રેશન કરાવી પાસવર્ડ ક્રિએટ કરવાનો રહેશે. (b) ત્યારબાદ યોજના મુજબ એપ્લીકેશન ફોર્મ ભરવાનું રહશે.

17) ફ્રેશ/ રીન્યુઅલ વિદ્યાર્થી કોને ગણવા:-પોર્ટલ પર પ્રથમવાર સ્કોલરશીપ માટે એપ્લાય કરતા અથવા એક કક્ષાનાં અભ્યાસક્રમનો સમયગાળો પૂર્ણ થયાબાદ અન્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય જેમ કે ધો:૧૧/૧૨માં ધો:૧૨ પછી પ્રથમ વર્ષ સ્નાતકકક્ષા(ગ્રેજ્યુએટ લેવલ) કે ડીપ્લોમાં અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ હોય કે સ્નાતક કક્ષાના(ગ્રેજ્યુએટ લેવલ) અભ્યાસક્રમ પછી અનુ.સ્નાતક કક્ષાના (પોસ્ટ-ગ્રેજ્યુએટ લેવલના) અભ્યાસક્રમનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય, કે ધો:૧૦ પછી પ્રથમ વર્ષ ડીપ્લોમાં કે આઇટીઆઇનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય, તેવા વિદ્યાર્થીઓ ફ્રેશ તરીકે ગણાશે. તેમને ફ્રેશ તરીકે એપ્લાય (ફ્રેશ ફોર્મ ભરવાનું) કરવાનું રહેશે. તે સિવાયનાં ડીટેઇન કે નાપાસન થયા ( કે જે વિદ્યાર્થીએ તે જ કક્ષાના

અભ્યાસક્રમમાં આગળના સેમેસ્ટર કે વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય ) તેવા વિદ્યાર્થીઓ રીન્યુઅલ ગણાશે.

18) ગુજરાત રાજ્ય બહાર માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતા હોય તો તેઓએ ઓનલાઇન કરેલ એપ્લીકેશન ફોર્મ સાથે અપલોડ કરેલા તમામ ડોક્યુમેન્ટસની નકલ તથા સંસ્થાની માન્યતા તેના અભ્યાસક્રમની માન્યતા અને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના વડાના સહી સિક્કા સાથે મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાના રહેશે.

19) સ્ટેટબેંક ઓફ પટીયાલા, સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર, સ્ટેટબેંક ઓફ હૈદરાબાદ, સ્ટેટ બેંક ઓફ મૈસુરઆ તમામ બેંકો SBI માં મર્જ થઇ હોવાથી નવો બેંક એકાઉન્ટ નંબર તથા IFSC કોડ નાંખવાનો રહેશે.

20) દરેક વિદ્યાર્થીએ તેઓ એનરોલમેન્ટ નંબર ( જો યુનિવર્સિટી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ હોય તો) પોર્ટલ પર ડેટા એન્ટ્રી કરવાની રહેશે.

21) વિદ્યાર્થીએ તેનું આઇકાર્ડ ઓરીજનલ કલર સ્કેન કરી અપલોડ કરવાનું રહેશે.

22) એપ્લીકેશન ફોર્મ સાથે જોડેલ ડોક્યુમેન્ટ પરત મળશે નહી.અને જો શિષ્યવૃત્તિ મંજૂર કરનાર અધિકારીશ્રી દ્વારા ઓરીજનલ ડોક્યુમેન્ટલ માંગવામાં આવે તો તે રજુ કરવાના રહેશે.

23) સીએ,સીએફએ,આઇસીડબલ્યુએ, સીએસ જેવા અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીએ જ્યાં કોલેજમાં ફૂલ ટાઇમ અભ્યાસક્રમ નથી ત્યાં મૂળવતનમાં જિલ્લામાં મદદનીશ કમિશ્નરશ્રી (આ.વિ.)ની કચેરીમાં એપ્લીકેશન ફોર્મ તથા ડોક્યુમેન્ટસ જમા કરાવવાના રહેશે.

24) વિદ્યાર્થીએ ડ્રાફ્ટ લખેલ (વોટર માર્કવાળી) પ્રિન્ટ સબમીટ કરવાની રહેશે નહી. વિદ્યાર્થીએ ( Confirm & Final submit) કમાન્ડ બટન પર ફરજિયાતપણે ક્લિક કરવાનું રહેશે.

25) વિદ્યાર્થી એ ઓનલાઇન એપ્લિકેશન માં Signature of Candidate મા ફરજીયાત પોતાની સહિ કરવાની રહેશે ત્યારબાદ જ એપ્લિકેશન માન્ય ગણાશે.

❖ <u>ફ્રી શીપકાર્ડ યોજના</u>:-

રૂ. ૨.૫૦ લાખથી ઓછી આવક ધરાવતા વિદ્યાર્થીઓ (કુમાર અને કન્યા બન્ને) તથા રૂા. ૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતી કન્યાઓ માટે સરકારમાન્ય સંસ્થાઓ અને માન્ય અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તથા જેની ફી ફીરેગ્યુલેટરી કમિટી ધ્વારા માન્ય કરેલ છે. તેવા અભ્યાસક્રમની ટ્યુશન ફી વિદ્યાર્થીએ ફી શીપકાર્ડ (મદદનીશ કમિશ્નરશ્રીના, આદિજાતિ વિકાસ / અદિજાતિ વિકાસ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ હોય તે રજુ કરેથી ભરવાની રહેશે નહી.)

❖ <u>ઉ.મા.શાળાઓ/કોલેજો/સંસ્થાઓ/યુનિવર્સિટીઓ/આઇ.ટી.આઇ માટેની આવશ્યક સુચનાઓ</u>:-

1. દરેક સંસ્થાના વડાએ તેમની સંસ્થાનાં ટીચર/પ્રોફેસર/લેક્ચરર/વહીવટી કર્મચારીને માસ્ટર ટ્રેનર તરીકે (જેઓ કોમ્પ્યુટર અને ઇન્ટરનેટનાં સારી રીતે જાણકાર હોય તેઓને) નીમવાના રહેશે. જેથી આ વિભાગની યોજનાઓની પ્રક્રિયા ખૂબ જ ઝડપથી થઇ શકે.
2. કોલેજ/યુનીવર્સિટી કક્ષાની દરેક સંસ્થા પાસે AISHE કોડ, શાળા કક્ષાના DISE કોડ, ITI માટે SSO કોડ હોવો આવશ્યક છે.જેની પાસે AISHE કોડ નથી તેને KCGનો સંપર્ક કરી અને ટેમ્પરરી AISHE કોડ મેળવવાનો રહેશે.
3. દરેક સંસ્થાના વડાએ સ્કોલરશીપને પાત્ર તમામ વિદ્યાર્થીઓનો ડેટાબેઝ બનાવવાનો રહેશે. જેમાં નીચે મુજબની વિગતે કાર્યવાહી કરવાની રહેશે.

- સ્કોલરશીપ પાત્ર કેટલાં વિદ્યાર્થી પાસે બેંક એકાઉન્ટ છે. તેનો ડેટાબેઝ તૈયાર કરવાનો રહેશે. જેની પાસે બેંક એકાઉન્ટ નથી તેનાં એકાઉન્ટ ખોલવાની તાત્કાલિક કાર્યવાહી કરવાની રહેશે.
- સ્કોલરશીપ પાત્ર કેટલાં વિદ્યાર્થી પાસે આધારકાર્ડ છે. અને કેટલાં પાસે નથી તેનો ડેટાબેઝ તૈયાર કરવાનો રહેશે. જેની પાસે નથી તેના આધાર એનરોલમેન્ટ કરવાની તાત્કાલીક કાર્યવાહી કરવાની રહેશે.
- સ્કોલરશીપ પાત્ર કેટલાં વિદ્યાર્થીનાં આધારનંબર સાથે બેંક એકાઉન્ટ નંબર લીંક(સીડીંગ) થયેલ છે તેનો ડેટાબેઝ તૈયાર કરવાનો રહેશે. જેનું લીંક થયેલ નથી તેની જે બ્રાન્ચમાં ખાતુ છે તે બ્રાન્ચમાં જઇને સીડીંગ કરાવવાની વિદ્યાર્થીઓ પાસેથી કાર્યવાહી કરાવવાની રહેશે.
- સંસ્થાએ દરેક સ્કોલરશીપ પાત્ર દરેક વિદ્યાર્થીનો ઇ-મેઇલ એકાઉન્ટ ક્રિએટ કરાવવાનું રહેશે.આ કાર્યવાહી સામુહિક કરાવવાની રહેશે. જે વિદ્યાર્થી પાસે ઇ-મેઇલ એકાઉન્ટ છે તેનું નવું ક્રિએટ કરાવવાનું રહેશે નહીં.
- સંસ્થાએ જ્યાં વિશેષ કરીને ઇન્ટરનેટ કે કોમ્પ્યુટરર્સની સુવિધા ઓછી છે તેવી જગ્યાએ તેમનાં વિદ્યાર્થીઓ ઓનલાઇન એપ્લીકેશન કરી શકે તેવી વ્યવસ્થા કરવાની રહેશે. સંસ્થાએ તેની કોમ્પ્યુટરની લેબનો ઉપયોગ કરી સામુહિક એપ્લીકેશન સરળતાથી અને ઝડપથી થાય તેવી પ્રક્રિયા કરવાની રહેશે. સંસ્થાએ વિદ્યાર્થીનાં ડોક્યુમેન્ટસ સ્કેન કરવા માટે સ્કેનર જેવી સુવિધાઓ શક્ય હોય તો આપવાની રહેશે
- કોલેજ કક્ષાએ સંસ્થા દ્વારા પ્રોજેક્ટર જેવા સાધનોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને સામુહિક, અંગત રીતે ઓનલાઇન એપ્લીકેશન માટેનું માર્ગદર્શન આપવાનું રહેશે.
- જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતો હોય તેનું હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ પોર્ટલ પરથી ડાઉનલોડ કરી સંબધિત હોસ્ટેલનાં રેકટરશ્રી/ લેડીસ સુપ્રિટેન્ડેન્ટશ્રી /વોર્ડન/હાઉસમાસ્ટર કર્મચારીનાં સહી સિક્કા કરાવી આપવા માટેનું આયોજન કરવાનું રહેશે.

- વિદ્યાર્થીએ જે બેંક એકાઉન્ટ આધાર જોડે લીંક (સીડીંગ) છે તે જ એકાઉન્ટ તેને બધી યોજનાઓમાં એપ્લાય કરવાનું છે તેવી સ્પષ્ટ સુચના આપવાની રહેશે.
- વિદ્યાર્થી તેનો મોબાઇલ નંબર તેના આધારનંબર જોડે લીંક કરાવે તે અંગેનું માર્ગદર્શન આપવાનું રહેશે.
- વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ એક્ટીવ હોવું જોઇએ જો કુલ સ્કોલરશીપ રકમ ૫૦,૦૦૦/- કરતા વધારે મળવાપાત્ર હોયતો તેવું એકાઉન્ટ કોઇ ફીક્સ ક્રેડીટ લિમીટ (fixed credit Limit) ધરાવતુ ન હોવું જોઇએ. કોલેજ કક્ષાએ વિદ્યાર્થીનું એકાઉન્ટ એનું પોતાના નામનું હોવું જોઇએ. જેવી સુચનાઓ એકાઉન્ટ સંબંધિત આપવાની રહેશે.
- આધાર કાર્ડમાં રહેલી વિગતો સરકારની વિવિધ યોજનાઓમાં ખૂબ જ ઉપયોગી બની રહી છે. જેથી આધારમાં રહેલી મૂળભૂત વિગતો જેવી કે જન્મ તારીખ, જેન્ડર (સ્ત્રી/પુરુષ), કે નામમાં ભૂલ હોય તો વિદ્યાર્થીને તેમાં સુધારા માટેનું માર્ગદર્શન આપી તેની શું અગત્યતા છે તે સમજાવવાનું રહેશે.
- દરેક વિદ્યાર્થીનું કોમન પ્રોફાઇલ રજિસ્ટ્રેશન હોવું જરૂરી છે તે માટે સામૂહિક માર્ગદર્શન આપી તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.
- સંસ્થાનાં ફોરવર્ડીંગ લેટર વગર કોઇ અરજી સ્વીકારવામાં આવશે નહી. સ્ટેમ્પ સીગ્નેચર વગર પણ સ્વીકારવામાં નહી આવે.
- www.digitalgujarat.gov.in નામની વેબસાઇટ પર જઇને તમારા લોગીનમાં જઇનેતમારી સંસ્થાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે.

  આ માટે Admin મેનુ >> Institute Profile માં જઇને સંસ્થાની વિગતો ભરવાની રહેશે.
- તેવી જ રીતે Institute And Branch Mapping માં સંસ્થામાં ચાલતા અભ્યાક્રમો અને અભ્યાસક્રમ દિઠ લેવાતી ફી (fee) ની વિગતો ભરવાની રહેશે.
- દરેક સંસ્થાનાં આચાર્યશ્રી/ડીનશ્રી/રજિસ્ટ્રારશ્રી/ડાયરેક્ટરશ્રીએ વિદ્યાર્થીનાં એપ્લીકેશનમાં સહી સિક્કા કરવાના રહેશે.સ્ટેમ્પ સીગ્નેચર તથા વિદ્યાર્થી ની સહિ વગરની એપ્લિકેશન સ્વીકારવામાં નહી આવે.
- દરેક સંસ્થાએ તેની સંસ્થાના માન્યતાપત્ર, સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમોનાં માન્યતાપત્ર તથા તેનાં દ્વારા લેવામાં આવતી ફીનાં માન્યતાપત્ર ફોરવર્ડીંગ લેટર સાથે રજુ કરવાના રહેશે.તથા દરેક પઇજ માં સંસ્થા નો રાઉન્ડ સિક્કો ફરજીયાત લગાવવાનો રહેશે. જો તેની ફી સરકારશ્રીના નિયમોનુસાર સરકારશ્રી દ્વારા નીમવામાં આવેલ ફી રેગ્યુલેટરી કમીટી દ્વારા, નક્કી કરવામાં આવેલ હોય તો તે જ ફી મળવાપાત્ર થશે.
- સંસ્થાએ ડ્રાફ્ટ લખેલ (વોટર માર્ક) વાળી પ્રિન્ટની કોપી સ્વિકારવાની રહેશે નહી.

- સંસ્થાએ જ્યા સુધી સ્કોલરશીપ નુ કામ પુર્ણ ન થાય ત્યા સુધી રોજેરોજ લોગીન આઇડી ચકાસવાનું રહેશે ભુલથી કોઇ વિદ્યાર્થી ની એપ્લિકેશન આગળ send કરતા રહિ ન જાય. તેની ચોક્કસ તકેદારી રાખવાની રહેશે.
- સંસ્થાએ દરેક વિદ્યાર્થી ની યોગ્ય અરજી ઑ તથા જરુરિ સાધનીક કાગળો તેમજ ઉપર દર્શાવેલ સંસ્થાના જરૂરી મંજુરી ના કાગળો સાથે અત્રેની કચેરી એ રૂબરૂ જ ફાઇલ દર્શાવવાની રહેશે. કોઇ પણ સંજોગો માં <u>પોસ્ટ મા કે કુરિઅર</u> મારફતે દરખાસ્ત સ્વિકારવામાં આવશે નહિ.
- સંસ્થાએ સબંધિત સ્કોલરશીપ નુ કામ કરતા કર્મચારી ને દરખાસ્ત આપવા મોક્લવા જેથી યોગ્ય અને ઝડપી કાર્યવાહિ થઇ શકે તેમજ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ ઝડપી મળી રહે.
- દરખાસ્ત ની ફાઇલ ઉપર ફરજીયાત આચાર્યશ્રી તેમજ સબંધિત કર્મચારી નો મોબાઇલ નંબર તેમજ સંસ્થા નુ ઇ-મેઇલ એડ્રેસ ફરજીયાત લખવાનુ રહેશે.
- તેમજ દરેક યોજના મુજબ ની અલગ-અલગ દરખાસ્ત બનાવવાની રહેશે અને વિદ્યાર્થી ના કોર્ષ તેમજ વર્ષ મુજબ દરખાસ્ત બનાવવાની રહેશે. અન્યથા દરખાસ્ત સ્વિકારવા પાત્ર થશે નહિ.
- ઉપરોક્ત તમામ સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરી/કરાવી તમામ વિદ્યાર્થી ઓને શિષ્યવૃતિ ની દરખાસ્ત સમયસર, સમયમર્યાદા માં પુર્ણ કરી તમામને શિષ્યવૃતિ મળી ગયેલ છે. તેની ખત્રી કરી ને બાબતનું "કોઇપણ વિદ્યાર્થીની શિષ્યવૃતિ બાકી રહેલ નથી" તેનુ પ્રમાણપત્ર અત્રેની કચેરી ને આપવાનુ રહેશે
- ઉક્ત કોઇપણ બાબતનુ પાલન નઇ થયેથી કોઇપણ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહેશે તો તેની જવાબદારી વિદ્યાર્થી તેમજ સંસ્થાની રહેશે જેની ખાસ નોંધ લેવી.
- તદઉપરાંત ગયા વર્ષે જે વિદ્યાર્થીઓને ડી.ડી આવેલ છે. તેઓ પોતાની બેન્ક ડિટેઇલ વ્યવસ્થીત રીતે એડિટ કરવી તેમજ સચોટ લખવી બેન્ક ડિટેઇલ માં કોઇપણ ક્ષતી વિદ્યાર્થી રાખશે તો તેની જવાબદારી તેની પોતાની રહેશે જેથી ખાસ કાળજી રાખવી.
- સંસ્થા લેવલ પર વિદ્યાર્થીઓના તમામ ડોક્યુમેન્ટ તેમજ બેન્ક ડિટેઇલ વેરિફાઇ કરીને ફોરવર્ડ કરવાના રહેશે.

મદદનીશ કમિશ્નર, વર્ગ-૧
આદિજાતિ વિકાસ,રાજકોટ